જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૦૭/૦૧/૨૦૧૯ સોમવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૪૪/૧૯**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૨ કેસ કરી, ૭૭ વ્યક્તિઓને ઝડપી, ૧૧૦ લીટર દેશી દારૂ, ૧૦૦ બોટલ ઈંગ્લીશ દારૂ અને ૨૪૦ બિયર ટીન કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૪ કેસ કરી ૨૬ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૧,૯૭૫/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૪૫/૧૯**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૭૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૨ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**છેતરપીંડીની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૪૬/૧૯**

**મેઘાણીનગરઃ** સતિષભાઇ વિઠ્ઠલભાઇ પટેલ (રહે.શ્રીફળ હાઈટસ, પ્રોમીનન્ટ હોટલ સામે કુડાસણ ગાંધીનગર) એ તા.૬/૧/૧૯ નારોજ મેઘાણીનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૩/૬/૨૦૧૮ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન મેઘાણીનગર અમરનગર કો.ઓ.હા.સો.લી. ખાતે આરોપી (૧) વિક્રમભાઇ કચરાભાઇ પટેલ (૨) કચરાભાઇ નાથાભાઇ પટેલ (૩) દિનેશભાઇ પ્રભુદાસ પટેલ (૪) પ્રહલાદભાઇ સોમદાસ પટેલ (૫) કાંતીભાઇ હરગોવનદાસ પટેલ (૬) ચંદુભાઇ હરગોવનદાસ પટેલ (૭) દિપકભાઇ પુખરાજભાઇ પ્રજાપતી (૮) મહેંદ્રભાઇ મથુરભાઇ પટેલ અને (૯) પ્રહલાદભાઇ હરગોવનદાસ પટેલ (તમામ રહે.અમરનગર કો.ઓ.હા.સો.લી.મેઘાણીનગર) એ ભેગા મળી સતિષભાઇને પોતાની સોસાયટીમા મકાનનો વેચાણ દસ્તાવેજ કરી આપતા ન હોઇ, જેથી સતિષભાઇએ સોસાયટીને તેમજ ઉપરોક્ત સભ્યોને ચેકથી રૂપિયા ૭૫,૦૦,૦૦૦/- અને રોકડ રૂપિયા ૨,૮૬,૦૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૩ કરોડ ૬૧ લાખ આપેલ હોવા છતા, સતિષભાઇના મકાનની કિંમત નક્કી કર્યા અંગે બાનાચિઠ્ઠી તથા બાનાખત કરી પૈસા મેળવી લઇ, દસ્તાવેજ નહી કરી વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી પી.જી.સરવૈયા ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.